વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૮ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : એપ્રિલ - ૨૨, ૨૦૧૭

'સેવા'ની પાટે

## સૂરજદાદા અમારી આડે તો આડશ રાખો...

બપોરનો એક વાગ્યો હતો. 'સેવા'ની પાટે સન્નાટો હતો. રમીલાબેન અને શારદાબેન વાતો કરતા હતા ત્યાં જ મંજુલાબેન આવ્યા ને ધબ્બ કરતાં બેઠા. રમીલાબેન અને શારદાબેન ચમકી ગયા. શું થયું મંજુલાબેનને ? રમીલાબેન ઊભા થયા ને પાણી ભરીને મંજુલાબેન સામે ધર્યું. મંજુલાબેન તો એક જ ઘુંટમાં પાણીનો ગ્લાસ ઘટઘટાવી ગયા.

થોડીક ટાઢક થઇ ને પછી હૈયાવરાળ કાઢવા માંડ્યા. 'બળ્યો આ તાપ. માથે ચડ્યો છે તે કાંઇ કહેવાની વાત નથી.'

'શું થયું. માંડીને વાત કરો તો કાંઇ સમજ પડે.' શારદાબેન બોલ્યા.

'શું કહું શારદાબેન. આ વિસ્તારમાં ગઇ હતી. લવાજમ લેવા ને બહેનોના ખબર પૂછવા. મોટાભાગની બહેનો ઘરે જ મળ્યા. મેં પૂછ્યું કેમ કાગળ વીણવા નથી ગયા. તો ભાનુમતીબેન કહે, શું જઇએ મંજુલાબેન. આ માથે ગરમી તો જુઓ. કાલે કાગળ વીણીને ઘરે આવી તે પછી જે ઉલટી થઇ કે કહેવાની વાત નહીં. આજે તો સાવ લેવાઇ ગઇ છું. ઘરની બહાર નીકળવાની હિંમત નથી થતી.'

એવામાં ઇન્દિરાબેન પણ આવી ગયા. એ પણ વાતમાં જોડાઇ ગયા ને કહે, 'મંજુલાબેનની વાત એકદમ સાચી છે. બહેનો કહે છે, દિવસે કાગળ વીણવા ના જઇએ તો પછી કાગળ ના મળે. સાંજના ઠંડા પહોરની રાહ ના જોવાય. ને એમાં ઘર નાના. કાગળનું સોર્ટીંગ કરવાની જગ્યા પણ ઓછી છે એટલે એ ય તકલીફ તો ખરી જ. કામ પર બહાર જઇએ તો ય તાપ ને ઘરમાં ય તાપ. જાવું તો જાવું ક્યાં ? વિસ્તારોમાં ઝાડા-ઉલટી, બી.પી., ચક્કરના પ્રશ્નો વધ્યા છે. ઘણી જગ્યાએ બહેનો બેભાન પણ થઇ જાય છે. દવાખાનાના ચક્કરો વધી ગયા છે. બાળકોને પણ ઓળી ને ગરમી બહુ નીકળે છે. બહેનો તો ઘર સંભાળે, બાળકો સંભાળે કે કામ કરવા જાય.'

હવે એક પછી એક આગેવાન બહેનો આવવા માંડ્યા. અગરબત્તી કામદારના આગેવાન ઉષાબહેને પણ બેઠક જમાવીને અગરબત્તી કામદાર બહેનોની વીતક કહેવા માંડ્યા. 'આ જુઓને ઘરખાતા કામદાર બહેનોના ઘર તો નાના હોય. મોટેભાગે અગરબત્તી કામદાર બહેનો ઘરની આગળ પરસાળ કે ઓસરીમાં બેસીને અગરબત્તી બનાવે. પણ, આટલી ગરમીમાં બહાર કેવી રીતે બેસાય. ને ઘરમાં તો ગરમી લાગે. વળી, અગરબત્તી બનાવવામાં કેમિકલ હોય એટલે હાથમાં લ્હાય બળે, ઝાલા પડે એટલે લાંબા સમય સુધી બહેનો અગરબત્તી ના બનાવી શકે. સવારે થોડી અગરબત્તી વણી લે ને પછી બપોરે તો વણી જ ના શકે. તો એની સામે મજૂરી પણ ઓછી થઇ જાય.'

સિલાઇકામના સંગઠક રફીકુલ્લાબેન પણ ચર્ચામાં જોડાઇ ગયા. 'આ હાલ તો અમારી સિલાઇકામદાર બહનોના પણ છે. સિલાઇ કરવી અઘરી પડી રહી છે. મશીનની મોટર ગરમ થાય, ને ગરમીમાં મશીનનો અવાજ પણ સહન ના થાય. ઘર તો છાપરાના જ એટલે બપોરે છાપરા તપે એટલે બેસવું તો અઘરું જ પડે. ઘરખાતાના બહેનો જાય તો ક્યાં જાય. જેટલું કમાય છે એટલું અત્યારે

# બહેનો, આ આકરા તાપમાં શું ધ્યાન રાખશો...

***લૂ લાગે એટલે શું થાય ?***

- તાવ આવે, પગના તળિયા બળે
- ઝાડા થઈ જાય, ઉલ્ટી થાય
- આંખો બળે, ચક્કર આવે, બી.પી.માં વધઘટ થાય. હૃદયના ધબકારા વધી જાય, શ્વાસ લેવામાં તકલીફ પડે
- શરીરમાં પાણી ખલાસ થઈ જાય, શરીરના સ્નાયુઓ ખેંચાય,

***લૂ લાગવા માટેના પરિબળો કયા ?***

***શારીરિક શ્રમ :*** તડકામાં વધુ પડતા શ્રમથી પરસેવો વધવા માંડે ને શરીરમાં પાણી ઓછું થઈ જાય

***કપડાં :*** પોલિસ્ટર અને ચળકાટવાળા તેમજ ચામડીને ચોંટી જાય તેવા કપડા કે કાળા તેમજ બીજા એવા ઘેરા રંગના કપડા પહેરવાથી અસર થાય

***કામનો સમય :*** ખરી ગરમીમાં સીધા તાપ નીચે કામ કરવું પડે એટલે લૂ લાગે

***જૂના રોગો :*** ઉંમર વધતા જૂના હઠીલા રોગ ઉથલો મારે

***વાતાવરણની અસર :*** જે જગ્યાએ કામ કરતા હોય ત્યાંનું પ્રદૂષણ, કચરો હોય તો તેની અસર થાય, અવાજનું પ્રદૂષણ, ભરચક વિસ્તાર હોય તે બધાની અસર થાય

***જીવનશૈલી :*** ખાવાની પધ્ધતિમાં ઠંડું વાસી ખાઈએ તો, ભારે પડે તેવો ને વધુ તેલ-મસાલાવાળો ખોરાક ખાવાથી... સામાન્ય કસરતનો અભાવ હોય

***સાવચેતી માટે શું કરવું જોઈએ ?***

- જ્યારે બહુ શ્રમવાળું કામ હોય ત્યારે થોડો ક સમય ઠંડી જગ્યાએ બેસવું
- બપોરે થોડો ક આરામ કરવો
- જોડે સાથીદાર હોય તો એમનું પણ ધ્યાન રાખવું
- પાણી વધારે પીવું, છાશ અને લીંબુનો શરબત પીવો
- આછા રંગના સુતરાઉ કપડા પહેરવા
- માથે ટોપી પહેરવી, ચહેરો કપડાંથી ઢાંકી રાખવો
- ચ્હા, કૉફી, દારૂ જેવા પીણા ન પીવા

***લૂ લાગે તો પ્રાથમિક સારવાર માટે કેવા પગલા લેવા ?***

- સપાટ જમીન પર ચત્તા સૂવડાવી દેવા, પગ નીચે ઓશિકું મૂકવું, પંખાથી પગમાં હવા આપવી
- છાતી પર બરફ મૂકવો, કપાળે ઠંડા પાણીના પોતા મૂકવા, હાથ - પગમાં બરફ ઘસવો
- ભાનમાં હોય તો પ્રવાહી આપવું
- બેભાન હોય તો પાણી પીવડાવવું નહીં. પાણી શ્વાસનળીમાં ફસાઈ જવાની સંભાવના છે.
- ગંભીર લાગે તો તુરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા બોલાવવી

***બાળકોને લું લાગી છે તેના લક્ષણ કયા ?***

- મો સૂકાઈ જાય
- નબળાઈ આવે, હાથ-પગ નબળા થઈ જાય
- માથામાં ખાડો પડી જાય
- ચામડી ઢીલી પડી જાય
- આંખો સૂકાઈ જાય ને આંખ નીચે ખાડા પડી જાય

***બાળકો માટે શું ધ્યાન રાખવું ?***

***૬ મહિના સુધીના બાળકો માટે શું ધ્યાન રાખવું ?***

- નિયમિત સ્તનપાન કરાવવું
- પેશાબનું ધ્યાન રાખવું, જો પેશાબ ઓછો થાય તો સ્તનપાન વધુ કરાવવું
- બાળકને સુતરાઉ ઝીણા કપડાંથી જ લપેટવું
- બાળકને ઠંડકવાળા વાતાવરણમાં રાખવું અને થોડાં થોડાં સમયમાં બાળકની તપાસ કરવી

***શાળાએ જતા બાળકો માટે ધ્યાન રાખવું ?***

- બાળકોને તડકામાં રમવા નહીં જવા દેવા
- બપોરના સમયમાં બાળકોને વધુ પાણી આપવું

***કિશોર વયના બાળકો માટે શું ધ્યાન રાખવું ?***

- વ્યસન ના કરે તેનું ધ્યાન રાખવું
- ઠંડા પીણા ન પીવા
- આરોગ્ય સાચવું

આરોગ્યના જાણકાર નિષ્ણાતો આ વાતો સમજાવવા ‘સેવા’માં આવેલા ને બહેનોને આ બધી માહિતી આપી. અને પછી એમણે પણ બહેનોને પૂછ્યું કે, તમે આકરા તાપથી બચવા શું કરો છો. વર્ષોથી કામ કરતા બહેનો તો ટપોટપ જવાબ આપવા માંડ્યા. આ રહ્યા એ હાથવગા ઉપાય જે બહેનોએ કહ્યા ને અધિકારીઓ ય કહેવા માંડ્યા તમે તો અમારાં કરતા ય બહું જાણકાર છો.

***બહેનોના હાથવગા ઉપાયો પણ જાણીએ***

- ડુંગળી અને કેરી ખાવાથી લૂ લાગે નહીં, બાફલો બનાવીને પીએ છીએ.
- સાંજે છાશ-ખીચડી, કઢી-ખીચડી, દાળ-ભાત જેવો હલકો ખોરાક ખાઈએ છે
- વેચનાર બહેનો માથે છત્રી રાખે છે, લારી પર લીલું કપડું બાંધે, અને માથે ભીનું કપડું રાખે છે.
- મહિનામાં ૪-૫ વાર તો કાચી કેરીનું શાક ખાઈએ જ છીએ.
- કામની જગ્યાએ છાશ ને લીંબુનો શરબત બનાવીને પીએ છીએ.
- કાગળકામના બહેનો બુશર્ટ પહેરે છે. માથે ટોપી કે દુપટ્ટો બાંધે છે.
- કાગળનું શોર્ટીંગ કરવા બે ખાટલા પર કપડું બાંધીને વચ્ચે બેસીએ છે.

***ઠંડી, ગરમી કે વરસાદ આપણે તો કામ કરવું પડે... પણ બહેનો આપણે આપણા શરીરનું પણ ધ્યાન રાખવું પડશે... આ આકરા તાપમાં તમારું ધ્યાન રાખજો...*** ❑

તો દવાખાનામાં જાય છે. બહેનોના પગમાં દુઃખાવો હાલ વધ્યો છે. ગરમી પણ માથે ચડી જાય છે.'

રમીલાબેન અને શારદાબેન અત્યાર સુધી સાંભળતા જ રહ્યા. પણ હવે એમનો બળાપો પણ નીકળવા માંડ્યો. રમીલાબેન કહે, 'આ હમણાં જ મને માથોડા કામદાર ચંપાબેન મળ્યા તે એ ય ઉકળેલા હતા. મને કહે, રમીલાબેન અત્યારે તો આ ફેરા કરવા બહુ અઘરા પડી રહ્યા છે. માથે માલ હોય ને પાણીની તરસ લાગે તો શું કરવાનું. આવા જ હાલ હાથલારી ફેરા કરનાર બહેનોના પણ છે. રસ્તામાં ટ્રાફિક વધારે હોય છે. ને હાલ તો મેટ્રો બની રહી છે એટલે વધુ ટ્રાફીક નડે છે. પાણી વિના ગળુ સૂકાય ને માથે તો ધોમધખતો તાપ. જઇએ તો ક્યાં જઇએ. હાલ તો રોજગાર ને આરોગ્ય બંનેનો માર છે બહનોને.'

રમીલાબેન તો બોલતા જ રહ્યા, 'આ જ હાલ કડિયાકામની બહેનોના પણ છે. કોની હિંમત ચાલે આટલા તાપમાં કામ કરવાની. ગરમ ઇંટો માથે મૂકવાની ને તપેલી સિમેન્ટની થેલીઓ ઉપાડવાની. અત્યારે તો બહેનો અંદરના કામો જ કરે છે. એમાં પણ બપોરે તો અંદરનું કામ કરવું પણ અઘરું પડે છે. એમાં પણ સાઇટ પર કાંઇ ઓછી તકલીફ હોય. પીવાનું પાણી ચોખ્ખું ના મળે. બહેનો ઘરેથી એક મોટો બાટલો ભરીને જાય પણ, એ ય તે કેટલો ચાલે. બહેનોના સ્વભાવ હાલ તો ઉકળાટવાળા જ લાગે છે. બહેનોની શક્તિ ઘટી જાય આવા સમયમાં.'

'સેવા'ની પાટેની ગરમીનો તાપ હવે વધતો જઇ રહ્યો હતો. બીડીકામદારના આગેવાનન સુભદ્રાબહેન પણ આવી પુગ્યા હતા. 'ઘરખાતા કામદારોમાં બીડી કામદાર બહેનોના હાલ પણ સારા તો નથી જ. આ હાથમાં તમાકું હોય એ ગરમ ને પંખા નીચે બેસે તો એ ઉડે. અને પંખા વિના તો અત્યારે બેસાય જ કેમ.' શારદાબેને પણ ઉમેર્યું, બોલો હવે, આ બહેનો શું કરે. ગરમીમાં તો બહાર વરંડામાં પણ ના બેસી શકે. બહેનો, અત્યારે તો ઉલટી ને ઝાડાની ફરિયાદ કરે છે. ઘણાં બહનોને હાથમાં ફોલ્લા પણ પડવા માંડ્યા છે.'

રૂડીનું કામ કરતા બહેન કહે, 'હાલ તો રિક્ષામાં બેસીને માલ લઇને જાઉં છું તો એવો ગરમ પવન લાગે છે કે શું કહું. માથુ ભમી જાય છે. પાણી પણ ગરમ થઇ જાય છે. હાથ પર લાલ લાલ ચકામા પડી જાય છે. દવા કરીએ તો પણ કંઇ અસર પડતી નથી.'

હવે પાછો 'સેવા'ની પાટે સન્નાટો. હૈયાવરાળ તો નીકળી પણ હવે શું કરવાનુ ?

સુભદ્રાબહેન કહે, 'હાલ તો મગજ નથી ચાલતું.' મારું પણ નહીં, મારું પણ નહીં, મારું પણ નહીં... એક પછી એક બહેનો બોલવા માંડ્યા.

ચાલો પોરો ખાઇએ. પણ વિચારીએ. એમ કરીએ સૂરજદાદાને જ પૂછીએ કંઇક એવું કર કે અમે કામ કરતા હોય ત્યારે અમારી બાજું કંઇ છાંયડાની આડશ ઊભી કરો તે અમે કામ કરીએ. બીજું તો શું ?

મનને ઠંડુ પાડવાનું આવું બોલીને બીજું શું ? સુભદ્રાબહેને નિસાસો નાંખ્યો ને બધા ય ભર્યા મને એક પછી એક 'સેવા'ની પાટેથી ઉઠવા માંડ્યા. પાછો સન્નાટો જ રહ્યો.

- *લીના*

❑

## ખેતીશાળા : પગથિયે પગથિયે શિક્ષણના પાઠ

ખેતી કરે એ ખેડૂત કહેવાય પણ એમાં ખભેખભો મિલાવી કામ કરતાં ખેડૂત બહેનો તો સાવ વિસરાઇ જ જાય છે. 'સેવા' સંગઠનમાં કુલ સભ્યસંખ્યાના ૫૬ ટકા સીમાંત ખેડૂત અને ખેતમજૂર બહેનો છે. બહેનોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન. ખેતરના કામથી બહેન ઘરે આવે એટલે માથે ચારો તો હોય જ. ખેતીની સાથે જ પશુપાલન જોડાયેલું ખરું ને. બહેનોની ખેતી અને પશુપાલનના કામની સૂઝ તો ખરી પણ એમના કામની ઓળખ ક્યાં ? ખેતી એ અર્થતંત્રનો જ મજબૂત ભાગ છે ને તેમના કામનો ફાળો અમૂલ્ય છે તે શિક્ષણ ક્યાં ? એક ખેડૂત તરીકેની ઓળખ ક્યાં ? કામની દશ્યતા ક્યાં ? વળી, જે બહેનો પોતે તાપ-તડકો માથે ઓઢીને અન્ન ઉગાડે ને સર્વના પેટ ઠારવે એમના જ ઠામ ખાલી કેમ ? આ બધા જ સવાલો ખેતમજૂર અને સીમાંત ખેડૂત બહેનોના સંગઠન સાથે જોડાયેલા હતા. પરિસ્થિતિ વિકટ હતી પણ સવાલોમાં જ જવાબો શોધવાના હતા ને બહેનોને સક્ષમ કરવાના હતા.

આ બધા જ મુદ્દાઓ ધ્યાનમાં આવતા એક વાત સમજાઇ

ખેતમજૂર બહેનો સાથે સંગઠન કરતા કરતા જે મુદ્દાઓ ધ્યાનમાં આવ્યા :

- ખેતમજૂર બહેનોના કામની કોઇ મૂલ્ય ના હોય, કામના કલાકો પ્રમાણે વળતર ના મળે.
- કામની દશ્યતા નહીં, સિમાંત ખેડૂત તરીકે ઓળખ નહીં, માલિકી નહીં.
- ખેતી વ્યસ્થાપનમાં ઉણપ, શાહુકારોથી થતું શોષણ, બજાર સાથે જોડાણ નહીં.
- બીજ, રસાયણના ઉપયોગમાં અસમતુલન, પાણીના માપદંડમાં અસમતુલન.
- પાણી, બીજ, રસાયણનો થતો બગાડ, સમયનો વ્યય

ગઇ કે ખેતી માટે સાચી સમજ અને શિક્ષણ મળે તો આ જ ખેડૂ બહેનો પારંગત ખેડૂત બની શકે છે. આ વિચારથી જ ખેતીશાળાનો ઉદ્ભવ થયો. ખેતીશાળાનો મુખ્ય મંત્ર એ જ રહ્યો કે માત્ર ખેતી નહીં પરંતું 'ટકાઉ' ખેતી કેવી રીતે કરવી તેના પર અભ્યાસ કરવો જરૂરી છે. આ ઝુંબેશ ૧૯૯૫માં શરુ થઇ ને એના પરિણામો આજે જોવા મળી રહ્યા છે.

***તાલીમોથી શરુઆત :*** ખેતીશાળામાં સૌપ્રથમ તો ખેડૂત બહેનોને તાલીમો આપવાનું આયોજન થયું. આટલા મોટા સંગઠનમાં બધા જ બહેનોને એક સાથે તાલીમો આપવી અશક્ય હતી. તાલીમમાં ૧૨૦૦ બહેનોને પસંદ કર્યા અને તેમને તાલીમો આપવાની શરુઆત કરી.

તાલીમમાં સૌપ્રથમ મુદ્દો એક ખેડૂત તરીકેની દશ્યતા પર ભાર મૂકવામાં આવ્યો. સંગઠન અને કામની દશ્યતા આ બંને મુદ્દાઓ સાંકળીને અપાતી તાલીમથી ખેતમજૂર બહેનો મજબૂત થયા.

આ સાથે મેનેજરીયલ તાલીમો પણ આપવામાં આવી જેના કારણે આ સાથે સરકારી યોજનાઓ સાથે જોડીને તેમને ઓળખપત્ર પણ અપાવ્યા.

*ઉધાર અને ઉંચા વ્યાજથી છુટકારો :* ખેતમજૂર અને સીમાંત ખેડૂતો મોટાભાગે જરૂર પડે ત્યારે પૈસા ઉંચા વ્યાજે લે અને સામે ઉંચું વ્યાજ ચૂકવે. આના કારણે સતત દેવા નીચે દબાતા જ જાય. જે આવક થાય એ તો જતી જ રહે. હાથમાં કંઇ ના આવે. આ પરિસ્થિતિમાંથી બહાર કાઢવા, બચતની સાથે જોડી ઓછા વ્યાજની સેવાબેંકમાંથી લોન મળતી થઇ. નાણાંકીય વ્યવસ્થાની તાલીમો અપાઇ એટલે બહેનો નાણાં સંચાલનમાં પણ માહિર થતા ગયા.

*ગુણવત્તાવાળી ટકાઉ ખેતી કેવી રીતે :* અભ્યાસ દરમિયાન જોવા મળ્યું કે બહેનોના ખેતરો નાના હોય અને ઉત્પાદન ઓછું હોય અને સામે ખેતી કરવાનો ખર્ચો વધુ આવે. આના માટે પણ તાલીમ આપવામાં આવી. પહેલાં એક એકર જમીનમાં બિયારણની માત્રા કરતાં વધુ બિયારણ નાંખવામાં આવે તેના બદલામાં ગુણવત્તા જળવાય અને માપસરનું બિયારણ પણ વપરાય તે રીતે પધ્ધતિસર બિયારણ અને ખાતર નાંખવાની સમજ વિકસાવવામાં આવી. સ્ટાન્ડર્ડ કંપની અને ગુજરાત બીજ નિગમ કંપનીનું બિયારણ રાખવાનો આગ્રહ કરાયો. ખરીદીમાં પણ બધા જ ખેતમજૂરો અલગ-અલગ જાય તો સામે સમય અને પૈસાનો વ્યય થતો હતો. તેની સામે લાયસન્સ અપાવવામાં આવ્યું અને બધાના બિયારણ અને ખાતર એકસાથે જ લાવવાની ગોઠવણ થઇ જેથી સમય અને નાણાંની બચત થવા માંડી.

*બજારની પણ સમજ જરૂરી :* હવે બજારનું ગણિત સમજવું પણ એટલું જ જરૂરી હતું. મોટાભાગે બહેનો બજારની આંટીઘુંટીઓથી સાવ અજાણ હોય. કોઇ એક સીમાંત ખેડૂત માલ વેચવા જાય ત્યારે ભાવ વધુ મળે પરંતું બીજા ખેડૂત પણ એ ભાવ મળશે તેવા ભરોસે બજારમાં જાય તો ભાવ ઘટી ગયા હોય એટલે એક જ માલના ભાવ દરેક ખેડૂતને અલગ અલગ મળે. હાથમાં મૂડી ના હોય અને સંગ્રહની પણ સારી સગવડ ના હોય એટલે પછી બજારમાં જે પણ ભાવ મળે તે ભાવે ખેડૂતો વેચાણ કરી જ નાંખે. નુકસાન થાય તો પણ લાચારી હોય એટલે બીજું કશું જ ના વિચારાય. આવી કપરી પરિસ્થિતિમાં સંગઠન કામ આવ્યું. બહેનોને બજારનો અભ્યાસ કરતા શીખવ્યું. બહેનોની સૌદાશક્તિ પણ વધી. બહેનો બજારના સમીકરણ સમજવા લાગ્યા સામે માલની ગુણવત્તા કેમ સચવાય તે પણ જાણવા લાગ્યા અને સાથે મળી માલનું વેચાણ કરવા લાગ્યા એટલે બહેનોના હાથમાં નફો આવવા લાગ્યો.

*જમીનનું ટેસ્ટીંગ :* ખેડૂતો આખા વર્ષમાં વધુ ને વધુ પાક લેવા માટે ખેતર ખેડતાં જ રહે અને ખેતર ક્યારેય નવરા પડે જ નહીં. વળી, ખેતીશિક્ષણ ન હોવાને કારણે ખેતીની જમીન શું માંગે છે અથવા તો જમીનમાં શું ઉણપ છે તેની પણ ખબર ના પડે. આવી પરિસ્થિતિમાં જમીનનું ટેસ્ટીંગ કરવાની પધ્ધતિ સમજાવવામાં આવી. ટેસ્ટીંગમાં જાણવા મળ્યા પ્રમાણે ૧૭ પ્રકારની માઇક્રો ઉણપો જોવા મળી. એ પ્રમાણે જમીનની ફળદ્રુપતા વધારવી જરૂરી હતી. તેની સમજ મળતા જમીનની સાચવણી સાથે ખેતી કરવા માટે ઉત્સાહિત થયા. આના કારણે પાક વધવા માંડ્યો. સુરેન્દ્રનગરમાં ખાસ કપાસની ખેતી વધુ થાય પરંતું કપાસની ખેતીમાં જરૂર કરતાં વધુ બિયારણ નાંખતા અને પાણી પણ આડેધડ અપાતા કપાસની ખેતી પર અસર થવા માંડી અને ખર્ચ વધ્યો. અભ્યાસ પ્રમાણે કપાસના ઉત્પાદનમાં બિયારણનું માપ અને પાણીનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું. આના કારણે વધુ પડતું બિયારણ જે બગડતું હતું તે બંધ થયું અને તેવી જ રીતે એક લાઇનમાં પાણી પાઇએ તો બીજી લાઇનમાં પણ પાણી પહોંચી જાય એટલે એક લાઇન છોડીને પાણી છોડવાના કારણે પાણીનો પણ બચાવ થવા માંડ્યો. કપાસની ખેતીમાં એક છોડ પરથી ત્રણ વાર કપાસ વીણવાનો હોય. પાક સારો થયો હોય પણ જો વીણવાની પધ્ધતિ યોગ્ય ના હોય તો

સારો પાક પણ બજાર સુધી પહોંચતા ખરાબ થઇ શકે છે જેને કારણે બજારમાં ભાવ ઓછા આવે. કપાસ કેવી રીતે તોડવો તે પણ શીખવવામાં આવ્યું. નીચેથી કપાસ તોડવાની પધ્ધતિ બહેનોએ શીખી એટલે વધુ અને ગુણવત્તાવાળો કપાસ બહેનોને મળવા માંડ્યો. કપાસને સાચવવાની પધ્ધતિ પણ શીખવા મળી એટલે બજારમાં કપાસ પહોંચે ત્યાં સુધી તેને સાચવવાની પણ આવડત આવી ગઇ. આના કારણે કપાસના પૂરેપૂરા પૈસા બહેનોના હાથમાં આવવા લાગ્યા.

***સાધનોની લાયબ્રેરી :*** સીમાંત ખેડૂતો માટે પોતાના સાધનો વસાવવા પોસાય નહીં એટલે ટ્રેક્ટર કે બીજા કોઇ પણ સાધનોની જરૂર પડે તો મોટા ખેડૂતો ઉપર નિર્ભર રહેવું પડે. મોટા ખેડૂતો પોતાનું કામ પૂરું થાય ત્યારે જ સીમાંત ખેડૂતોને સાધનો ઉપલબ્ધ થાય એટલે તેમના કામમાં વિલંબ થાય. આ પરિસ્થિતિ ટાળવા સંગઠનના બહેનોએ ધીરે ધીરે પોતાના સાધનોની લાયબ્રેરી શરું કરી અને ભાડે લેવા માંડ્યા. આનાથી બહેનોને સમયસર સાધનો પણ મળવા લાગ્યા અને આવક પણ વધવા માંડી.

૨૦૧૬-૧૭માં કપાસની ખેતીમાં ૧૮૨૧ બહેનોનું કપાસ ખરીદ્યું, જેમાં ૮૧૮ મણ કપાસ મળ્યું જેની સામે ૩,૩૪,૦૦૦ની આવક થઇ. એક મણે ૫,૦૦૦નો વધારો થયો એટલે કુલ ૧૬,૦૬,૯૫,૦૦૦ રૂા.નો વધારો થયો. ૩૦ ટકા લોકોએ ભાગે જમીન લઇને વધુ ખેતી કરવા લાગ્યા. ૨૦ ટકા ખેતીના સાધનોમાં વધારો થયો અને ૧૫ ટકા દીકરીઓનો ભણવામાં વધારો થયો. માધ્યમિક શાળા પછી વધુ ભણવા માટે દીકરીઓને હૉસ્ટેલમાં પણ મૂકતા થયા.

***શિક્ષણ અને આરોગ્ય :*** બહેનો ખેતીની સાથે-સાથે તેમના આરોગ્યની કાળજી લે તે પણ બહુ જરૂરી હતું. બહેનો ખેતરે કામ કરે ત્યારે કોઇ માસ્ક ના પહેરે એટલે દવાનો છંટકાવ થયો હોય, માલ લેતા હોય ત્યારે હવામાં ફેલાયેલા જંતુઓની અસર બહેનોને થતી હોય એટલે તેમને માસ્ક પહેરાવવા માટે સમજ કેળવી. કપાસ ભરવા માટે પાછળ પ્લાસ્ટિકનો થેલો ભરાવી રાખે અને સતત નીચા વળીને કપાસ ચૂંટે જેને કારણે ગરમીમાં પ્લાસ્ટિકથી ગરમી વધુ લાગે અને સતત નીચે વળી રહેવાથી કમર અને ખભાનો દુ:ખાવો પણ જોવા મળે. બહેનોને વ્યવસાયી આરોગ્ય વિશે તાલીમ આપવામાં આવી અને કામની સાથે સંકળાયેલા આરોગ્યના પ્રશ્નોમાંથી કેવી રીતે સાવધ રહેવું તેની પણ સમજ આપવામાં આવી. આની સાથે બહેનો બાળકોના શિક્ષણ તરફ બહુ જ ઉદાસીન હતા. કપાસની ખેતી દરમિયાન કપાસ વીણવા માટે બાળકો ઘણાં જ કામમાં આવતા અને સામે પૈસા પણ બચતા હતા. એટલે બાળકો શાળામાં નહીં પણ ખેતરોમાં જ જોવા મળતા હતા. આ પરિસ્થિતિ ગંભીર હતી પણ સમજાવવા એટલું સરળ નહોતું. આવી પરિસ્થિતિમાં શરુઆતમાં તો ગામમાં શાળાઓના શિક્ષકો સાથે મીટિંગ કરી અને એમના સહયોગથી બાળકને શાળા સુધી લઇ આવવાની ઝુંબેશ આદરી. વાલી મીટિંગો પણ થઇ અને બાળકોના શિક્ષણનું મહત્ત્વ સમજાવવા માંડ્યું. પહેલાં વર્ષે તો બહુ સફળતા ના મળી. માંડ ૩૦ ટકા બાળકો શાળા સુધી પહોંચ્યા. બીજા વર્ષે બહેનોની આવક વધવા માંડી ને સાથે-સાથે બાળકોનું શિક્ષણ પણ જરૂરી છે તે વાત પણ સમજાવવા માંડી એટલે ૭૦ ટકા બાળકો શાળાએ પહોંચતા થયા. ને ધીમે ધીમે ગામના બધા જ બાળકો શાળાએ જવા માંડ્યા.

***ગામની અર્થવ્યવસ્થા ઊભી થવી જરૂરી :*** ખેતીની ગુણવત્તા થાય એની સાથે-સાથે રોજગારી વધવી જરૂરી હતી. ગામમાં જ ગામનો રૂપિયો ફરતો રહે તો જ સર્વાંગી પરિસ્થિતિ બદલાય. હવે, બહેનો જ ઉત્પાદક અને માલિક બને તે જરૂરી હતું. ગામમાં જ ઉત્પાદન થયું, વેચાણ પણ હાથમાં લીધું. મસાલા અને ખેત ઉત્પાદનોનું બહેનો જ સીધું વેચાણ કરવા લાગ્યા અને આ રીતે રૂડી કંપનીની શરુઆત થઇ. રૂડીબહેનો પોતાના ઉત્પાદન સાથે ગામે-ગામ વેચાણ માટે જવા માંડ્યા અને ઘરે-ઘરે ચીજવસ્તુઓ હાથવગી કરાવવા લાગ્યા. આ રીતે ગામની અર્થવ્યવસ્થા ઊભી થવા માંડી અને બહેનો તેના સંચાલનમાં મોખરે રહેવા માંડ્યા.

આમ, ખેતીશાલા માત્ર ખેતી પૂરતી જ મર્યાદિત ન રહેતા તાલીમો અને શિક્ષણનું પણ જોડાણ થયું. જમીનની સમજ કેળવાઇ. બજારનું અર્થતંત્ર પણ કોઠે પડતું થયું. નાણાંકીય સંચાલન પણ કરતા થયા. તકનીકી સાધનોની તાલીમ અને તેનું વ્યવસ્થાપન પણ કરતા થયા. સરકારી યોજનાઓ સાથે પણ જોડાણ કરતાં થયા. બહેનોની માલિકી પણ વધી અને બચતની પણ સમજ આવવા માંડી.

આમ, એકબીજા સાથે સંકલન સાધીને ગઠબંધન કરતાં બહેનો શીખી ગયા. ખેતીશાળા ખરા અર્થમાં ખેતીમાં ને સંચાલનમાં પાવરધા કરતી પ્રયોગશાળા બની ગઇ.

***- સંકલન : છાયા (બોડેલી), હિના (સુરેન્દ્રનગર)***

❑

# આપનું બેંક ખાતું
# હવે સુરક્ષાનો આધાર

## પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના

વાર્ષિક પ્રીમિયમ ફક્ત ૧૨ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો દુર્ઘટના વીમો

સર્વ બચત બેંક ખાતાધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ છે

## પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

સર્વ બચત બેંક ખાતાધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ છે

વાર્ષિક પ્રીમિયમ ફક્ત ૩૩૦ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો જીવન વીમો

વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સમાવિષ્ટ

કુદરતી રીતે મૃત્યુ થાય ત્યારે આપના વારસદારને આ વીમાની રકમ મળશે

**વીમા મુદત, વાર્ષિક : ૧ જૂન - ૩૧ મે**

- પ્રીમિયમની રકમ ખાતાધારકના બચત ખાતાથી બેંક દ્વારા 'ઓટો ડેબિટ' સુવિધાના માધ્યમથી.
- કોઈ પણ વ્યક્તિ ફક્ત એક બચત ખાતા દ્વારા જ આ યોજના માટે પાત્ર બનશે.

ચાલુ વ્યાજ દરે ૫૦૦૦ રૂ. ની ફિક્સ મૂકો બંને વીમાનું પ્રીમિયમ ભરવામાંથી મુક્તિ મેળવો

## શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

બદલાતા રંગો

# અમારે તો હાથમાં આવે એ કામ કરવું પડે ને જીવનનું ગાડું ગબડાવવું પડે...

ગોમતીપુર વિસ્તારના કુંડાવાળી ચાલીમાં જઇને દોરાના બોબીન ભરવાના કામ કરતા બહેનોને મળવાનું થયું. ૫૦ વર્ષથી ઉપરના સુધાબેન, પ્રેમીલાબેન મુક્તાબેન અને ચંપાબેનને મળી તો તેઓ કહે કે અમે તો વર્ષો બોબીન ભરવાનું કામ કર્યુ જો કે હવે આ કામ મોટે ભાગે બંધ થઇ ગયું છે. પહેલા અમદાવાદમાં મિલો ચાલતી હતી ત્યારે આ કામ થતું. ને મિલો બંધ થઇને આ કામ પણ અદશ્ય થઇ ગયું. પ્રેમિલાબેન કહે છે કે અત્યારે તો ધાગા કટીંગનું કામ કરવા જાઉં છું. દિવસના ૧૦૦/- રૂા. મળે છે. જ્યારે મિલમાં બોબીનનું કામ કરતા તો એમા અમને બહુ સારું રહેતુ પણ શું થાય મિલ છૂટી એટલે કાઇ તો કરવું જ પડે ને? પ્રેમિલાબેનની વાત સાંભળીને મુક્તાબેન પણ બોલ્યા કે બેન આ મોંઘવારી કેવી છે ઘરમાં જેટલા સભ્ય હોય તેટલા જો કામ ના કરે તો આ સમયમાં ઘરનું પૂરું કરવું ભારે પડી જાય. ઘરમાં બે ટંક રોટલા પૂરા કરવા દોહલા થઇ પડે છે. એટલે જે કામ મળે તે કામ તો કરવું જ રહ્યું.

સુધાબેન કહે મારી તો હું વાત કરતા કરીશ પણ મારી બહેનપણી ચંપાની વાત કરવી છે મારે તો. અમે બન્ને સિલ્વર મિલમાં સાથે કામ કરતા ને જ્યારે મિલ બંધ થઇને પ્લાસ્ટીક ફેક્ટરીમાં કામે લાગ્યા તે પણ સાથે જ પણ એક એવો બનાવ બન્યો કે અમે બન્ને બહેનપણીઓ છૂટી પડી ગઇ, એટલે કે હું તો કામ પર જાઉં છું ને એ ઘરે બેસી ગઇ છે મેં કહ્યું કેમ ઘરે છે? તો કહે આવો તમને મળાવું. ને એમના ઘરથી પાંચ ઘર મૂકીને ચંપાબેનના ઘરે ગયા. એમના ખબર પૂછ્યા ને બેસીને સઘળી વાત જાણી.

ચંપાબેન પાસે ગયા તો એવુ લાગે નહી કે આ બેન માટે હું અજાણી છું એવો મીઠો આવકારો દઇ અમને ઘરમાં બોલાવ્યા ને ખાટલે બેસાડયા જાણે વર્ષોથી મને જાણતા હોય તેમ.

૫૩ વર્ષના ચંપાબેન ગીરીશભાઇ બારોટ વર્ષો સુધી મિલમાં બોબીન ભરવાનું કામ કરતા. પિયર જમાલપુર કડિયાની ચાલીમાં ને મા જમાલપુર શાક માર્કેટમાં વૈતરું કરતા ને પિતા માર્કેટ બહાર શાકભાજી વેચવાનું કામ કરતા. ચંપાબેન કહે કે નાનપણથી જ મજૂરી કરવાનું તો માથે જ લખાયેલું હતું. અમે ૬ ભાઇ બહેનો એટલે માને ઘરમાં કામ કરવાનું ને બહાર કામ કરવા જવાનું અમારા બધાનું ધ્યાન રાખવાનું બહુ અઘરું પડતુ. ૫ ધોરણ સુધી ભણીને નાના ભાઇ-બહેનોને રાખવાના માટે થઇને મારે ભણવાનું છોડવું પડયું હતું. ને સમજણી થઇ ત્યારથી માની સાથે વૈતરું કરવા જતી. ત્યારે એક ઘાંસડીના ૫૦ પૈસા મળતા. સવારે વહેલા ૩ વાગ્યે ઉઠીને હું મારી મા એકલી ચા પીને શાક માર્કેટ નીકળી જતા. બપોર સુધી કામ કરતી ત્યારે માંડ ૫ રૂપિયાનું કામ થતુ ને, માનું ૧૨ થી ૧૪ રૂપિયાનું કામ થતું. આટલા પૈસમાં માં ઘરનું ગુજરાન ચલાવતી હતી. ને ૧૬ વર્ષની ઉંમરે પરણીને સાસરે આવી. અહીં ઘરમાં બધા ગોમતીપુર સિલ્વર મિલમાં કામ કરતા. મારા સસરા મીલમાં મેમ્બર્સ હતા એટલે ઘરના બધાને કામ પર રાખતા. મારા સાસુ પણ મિલમાં દોરાના બોબીન ભરવાનું કામ કરતા ને મને પણ એ કામ માટે લઇ ગયા. એ વખતે મિલમાં ૧૫/- રૂા. રોજ આપતા. લગ્ન થયા ૧૦ વર્ષ થયા લગ્ન થયા પણ મને બાળક નહોતુ થયું એટલે મારા સાસુ બહુ હેરાન કરતા ના બોલવાના શબ્દો બોલીને મેણા ટોણા મારતા હતા. તો પણ બધુ સહન કરતી, મારા મા-બાપની સામે વિચારીને મારું ઘર કર્યુ.ઘરમાં રોજ ઝઘડા થતા ને ઘણી વાર મારા સાસુએ મને માર પણ માર્યો હતો ને પછી અમને બન્ને જણાને જૂદા કર્યા.

૧૨ વર્ષ મિલમાં કામ કર્યુ ને મિલ બંધ થઇ ગઇ. મિલ બંધ થતા તો મિલ કામદાર બધા બેકાર થઇ ગયા. હવે તો ઘરમાં બહુ તકલીફ પડવા લાગી ને એક એક પૈસા માટે વલખા મારતા થઇ ગયા. ભાડાના ઘરમાં રહેતા એટલે મહિનો થાય ને ઘરભાડાની ચિંતા કોરી ખાતી. ખાવા-પીવાનું તો વિચારવું જ શું? મારા ઘરવાળા પણ જ્યાં ત્યાં કામની શોધ કરવા લાગ્યા તે માડ કરી એક જગ્યાએ જમાદારીમાં કામ મળ્યું. હું પણ કામ શોધવા લાગી.ઘણીવાર થતુ કે હું વધારે કાઇ ભણી હોત તો સારું હોત મને ક્યાંક સારી જગ્યાએ કામ મળી રહેતું.

સુખરામનગર પ્લાસ્ટીકના દાણા પાડવાની ફેક્ટરીમાં કામ મળ્યું. પ્લાસ્ટીકના મોટા ગઠ્ઠા હોય તેને જીણા ટૂંકડા કરવા માટે તબડકામાં ભરીને મશીનમાં નાખવાનું કરતી. ધીમે ધીમે આ કામમાં ફાવટ આવી ગઇ. દિવસના ૩૫/- રૂા. હાજરી મળવા લાગી. ધીરે ધીરે ઘરમાં સુધારો થવા લાગ્યો. ફેક્ટરીમાં કામ કર્યે ૭ વર્ષ થઇ ગયા ને એક દિવસ મશીનમાં દાણા નાખતી હતીને એક્સીડન્ટ થઇ ગયો. મારી સાડીનો છેડો મશીનમાં આવી ગયો ને હું મશીન સાથે ઘસડાઇ પડી. મારા ડાબામાં હાથને બહુ નુકશાન થયું. હાથ શરીરથી સાવ અલગ થઇ ગયો બધી નશો કપાઇ ગઇ હતી તેથી નકામો થઇ ગયો.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
22-4-2017

ફેક્ટરીના માલીકે મને બધી દવા-દારૂનો ખર્ચ આપ્યો હતો ને મને સારામાં સારા ડૉક્ટર પાસે મારું ઑપરેશન કરાવ્યું ને મોઢા પર પણ થોડું વાગેલું એટલે બોલવામાં પણ તકલીફ પડતી. બે વર્ષ ખાટલામાં રહી મારા ઘરનાએ થોડા દિવસ સાચવી ને પછી સૌ પોતાનામાં કામમાં લાગી ગયા. પણ મને તો મારા પતિએ બહું સાથ આપ્યો. હું મારી જાતે પથારીમાંથી ઉઠી પણ નહોતી શકતી ત્યારે મારા ઘરવાળાએ મારું બધુ કામ કર્યુ ને મને ફરી નવી જિંદગી આપી એમ કહું તોય ઓછું લાગે. ઘરમાં અમે બન્ને જણ છીએ મારાથી એક હાથે જ કામ થાય છે તે હું કરું છું ને બીજા કામમાં મારા પતિ મને મદદ કરે છે ને અમારું ગાડુ ચાલે છે.

આમ જોઈએ તો, અર્થતંત્રમાં જેમ બદલાવ આવે છે તેમ અસંગઠિત ક્ષેત્રના કામદારોના કામમાં ઝપાટાભેર બદલાવો આવે છે. બદલાતી અર્થવ્યવસ્થા સાથે કદમ મિલાવવા તો આ કામદારો માટે પડકાર છે... ગરીબી દૂર કરવા માટે જરૂરી છે રોટી – કપડાં – મકાન અને સામાજિક સુરક્ષા. આ બધા વારાફરથી મળે તેવું નહીં પણ એકસાથે મળે તેમ અસંગઠિત ક્ષેત્રના કામદારોના કામને અનુરૂપ ટેકનોલૉજી તેમજ રિસર્ચ સતત થતા રહે તો જ આ શ્રમજીવીઓ બદલાતી અર્થવ્યવસ્થા સાથે કદમ મિલાવી શકશે.

- *ગોમતી*

❑

## અનસૂયા

- ૩૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

***દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.***

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

અનસૂયા

22-4-2017

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧